ભેળવીને છંટકાવ કરવો ત્યાર બાદ ૩૦ દિવસે આંતર ખેડ અને ૩૦ અને ૬૦ દિવસે હાથથી નિંદામણ કરવાથી ખેતરને નિંદામણ મુક્ત રાખી શકાય છે.

ખેતરો નિંદામણમુક્ત રાખવા માટે જરૂરીયાત મુજબ બે થી ત્રણ વખત હાથથી નિંદામણ નિયંત્રણ અને આંતર ખેડ કરી શકાય.

## પિયત વ્યવસ્થા :

કપાસ લાંબા ગાળાનો પાક હોવાથી વરસાદ બંધ થયા પછી પાકને પિયતની ખાસ જરૂરીયાત રહે છે. બીટી કપાસમાં વરસાદ બંધ થયા બાદ ફુલ ભમરી, ફૂલ અને જીંડવાનું પ્રમાણ ખુબ જ હોય છે. જો આ સમયે ભેજની ખેંચ રહે તો ફુલ અને જીંડવાનું ખરણ થઈ જાય છે તેમજ છોડનો સુકારો (પેરા વિલ્ટ) પણ આવવાની શક્યતા રહે છે. આથી વરસાદ બંધ થયા પછી ભારે કાળી જમીનમાં ૨૦-૨૫ અને ગોરાડુ જમીનમાં ૧૫-૨૦ દિવસના અંતરે અચુક પિયત આપવું.

આ ઉપરાંત, કપાસના પાકમાં છોડની વાનસ્પતિક વૃધ્ધિ અવસ્થાએ, ફુલ-ભમરી (છાપવા), ફુલ તેમજ જીંડવાની વિકાસ અવસ્થા વગેરે પિયત માટે કટોકટીની અવસ્થાઓ હોવાથી આ સમયે પણ પિયતની ખાસ જરૂરીયાત રહે છે. આ અવસ્થાએ જો જમીનમાં ભેજની અછત વર્તાય તો કપાસના ઉત્પાદન ઉપર માઠી અસર થાય છે.

## પિયત પધ્ધતિ :

કપાસના પાકને સમતળ પધ્ધતી દ્વારા દરેક પાટલે, એકાંતરે પાટલે અથવા ટપક પધ્ધતિ થી પિયત આપી શકાય છે. એકાંતરે પાટલે પિયત આપવાથી દરેક પાટલાની સરખામણીએ અંદાજે ૩૦ % જેટલા પાણીનો બચાવ થાય છે અને ઉત્પાદનમાં સાર્થક ઘટાડો થતો નથી અને રોગ અને જીવાતોનું પ્રમાણ ઓછુ રહે છે. કપાસમાં ટપક પિયત પધ્ધતિ દ્વારા પિયત આપવામાં આવે તો પિયતનું નિયમન સારી રીતે કરી શકાય છે અને પાકને જરૂરીયાત પ્રમાણે જ પાણી આપી શકાય છે. તેથી શક્ય હોય તો ટપક પિયત પધ્ધતિનો ઉપયોગ કરવો.

- કપાસના પાકમાં ટપક પિયત પધ્ધતિ દ્વારા પિયત આપવાથી ૪૦ થી ૪૫ % જેટલા પાણીનો બચાવ થાય છે.
- બચેલ પાણીનો ઉપયોગ કરી પિયત હેઠળનો વિસ્તાર દોઢ ગણો કરી શકાય છે, બીજા પાકને પણ પિયત આપી શકાય છે.
- ટપક પિયત પધ્ધતિ દ્વારા પાણી સાથે ખાતર આપવાથી હેક્ટરે ૬૦ કીલો નાઈટ્રોજન ખાતરની બચત થાય છે.
- ઓછુ પાણી હોય તો પણ કપાસનું આગોતરુ વાવેતર કરી શકાય છે.

## આંતરપાક :

કપાસનુ વાવેતર પહોળા પાટલે કરવામાં આવતું હોવાથી શરૂઆતમાં વચ્ચેની જગ્યા પડી રહે છે, જેના લીધે નિંદામણનો ઉપદ્રવ વધુ રહે છે. વહેલા પાકતા અને કપાસના છોડના વિકાસને અવરોધ ન કરે અને ટુંકા ગાળામાં તૈયાર થઈ શકે તેવા પાક જેવા કે મગફળી, તલ, સોયાબીન, મગ, અડદ વગેરે પાકને આંતરપાક તરીકે લેવાથી વધારાની આવક મળે છે. જો કઠોળ વર્ગના પાક કપાસ સાથે મિશ્રપાક તરીકે લેવામાં આવે તો જમીનની ફળદ્રુપતા પણ સુધરે છે અને પાકને જરૂરી રાસાયણિક ખાતરની જરૂરીયાતમાં ઘટાડો થાય છે, જેથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડાની સાથે સાથે આર્થિક લાભ પણ થાય છે.

## પાક સંરક્ષણ :

- ચુસિયા પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૨૦૦ એસએલ ૨૦ ગ્રામ સક્રીય તત્વ અથવા એસીટામીપ્રીડ ૨૦ એસપી ૧૦ ગ્રામ સક્રીય તત્વ અથવા થાયોમિથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૨૫ ગ્રામ સક્રીય તત્વ પ્રતિ હેક્ટરનો છંટકાવ કરવો જરૂરી છે.
- મીલી બગને આવતી અટકાવવા માટે શેઢા પાળા સાફ રાખવા, કાંસકી, ગાડર, જંગલી ભીંડા, બરૂ વિગેરે નિંદામણોનો નાશ કરવો. મીલીબગ માટે દર અઠવાડીયે મોજણી કરતા રહેવું. મીલી બગનો ઉપદ્રવ જણાય તો શોષક પ્રકારની દવાઓ જેવી કે એસીટામીપ્રિડ (૨ ગ્રામ) ક્લોરપાયરીફોસ (૨૫ મીલી), ઇમિડાક્લોપ્રીડ વે. ગ્રે. (૧ ગ્રામ), બુપ્રોફેઝીન (૨૦ મીલી) જેવી દવાઓ પૈકી કોઇપણ એક દવાનો ૧૦ લીટર પાણી સાથે છંટકાવ કરવો.
- ગુલાબી ઈયળની મોજણી માટે એક હેકટરે ૫ ફેરોમોન ટ્રેપ લગાડવા. સતત ત્રણ રાત્રી સુધી ફેરોમોન દીઠ આઠ નર ફુદા પકડાય તો સાયપરમેથ્રીન ૧૦ ઇસી ૧૦ મીલી, બીટા સાયફ્લુથ્રીન ૨.૫ એસસી ૧૦ મીલી, ફેનવેલરેટ ૨.૮ ઇસી ૧૦ મીલી અથવા સ્પીનોસેડ ૪૮ એસસી ૩ મીલી પ્રમાણે ૧૦ લી. પાણીમા ભેળવી છંટકાવ કરવો.

## અન્ય માવજતો :

- જો વાનસ્પતિક વૃધ્ધિ વધારે થતી જણાય તો વાવણી પછી ૯૫ દિવસે છોડની ડુંખ તોડી અને ૧૦૫ દિવસે ફળાઉ ડાળીઓની ટોચના છેડા કાપવાથી વાનસ્પતિક વૃધ્ધિ નિયંત્રણમાં રહે છે અને ફુલભમરીની સંખ્યામા વધારો થાય છે.
- ૧૦ લિટર પાણીમાં ૧.૧૨૫ મીલી ૩૯ % ધરાવતી પ્રોડક્ટ (૪૫ પીપીએમ)નું પ્રમાણ રાખી ઈથિલિનના દ્રાવણનો ભમરી બેસવાની અવસ્થાએ એટલે કે ૩૫-૪૦ દિવસે છંટકાવ કરવાથી ઉત્પાદનમા વધારો થાય છે.
- કપાસમાં આવતો સુકારો (પેરા વિલ્ટ) અટકાવવા માટે હલકી જમીનમાં જીંડવાના વિકાસની અવસ્થાએ જમીનમાં ભેજ જાળવી રાખવો અને શકય હોય તો આંતર ખેડ કરવી.
- જમીનમાં પાણી ભરાઈ રહે તો તાત્કાલિક નિકાલ કરવો તથા મુળ વિસ્તારમાં હવાની અવરજવર વધે તે માટે લોખંડના સળીયાથી થડની આજુબાજુ જમીનમાં કાણા કરવા અને ૨ % યુરીયાના દ્રાવણનું ડ્રેંચિંગ કરવું.
- કપાસમાં પાન લાલ થતા અટકાવવા ફુલ આવવાની અવસ્થાએ ૨% ડી એ પીના દ્રાવણ નો છંટકાવ કરવો તથા ફુલ આવવાની અવસ્થાથી જીંડવા વિકાસની અવસ્થા દરમ્યાન ૧% યુરીયા તથા ૧% મેગ્નેશિયમ સલ્ફેટનું દ્રાવણ છાંટવું.

## કપાસની વીણી :

કપાસની વીણી કરતી વખતે કપાસની સાથે કીટી, સુકા પાન અને અન્ય કચરો કે જીવાત ન આવે અથવા ઓછા આવે તેની ખાસ કાળજી રાખવી. કપાસની વીણી વખતે ઝાકળ કે ધુમ્મસ હોય તો વીણી કરેલ કપાસને સૂર્યના તાપમાં સુકવીને સંગ્રહ કરવો જોઈએ. આમ, કપાસની ગુણવત્તા સારી રહેવાથી બજાર ભાવ સારા મળે છે અને આર્થિક રીતે ફાયદો થાય છે.

www.kamnath.com

Navsari Agricultural University

# ગુજરાત કપાસ સંકર -૧૨ (બીજી ૨)ની ખેતી



- પિયત તેમજ બિનપિયત બંને વિસ્તારો માટે અનુકુળ જાત
- વહેલી પાકતી જાત જેથી ખેડુતો બીજો પાક લઈ શકે
- મધ્યમ વજન ધરાવતા જીંડવા
- જીંડવા સારી રીતે ખુલે છે
- પરિપકવતા વખતે પાન લીલા રહેતા હોવાથી વીણી વખતે કીટીકસ્ટર રહિત કપાસ મળે છે. જેથી ભાવ વધુ મળે છે

ડો. ડી.એચ.પટેલ
ડો. રાજકુમાર બી.કે.
ડો. જી.ઓ. ફલ્દુ
ડો. બી.જી.સોલંકી

મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
અઠવા ફાર્મ, સુરત–૩૯૫૦૦૭
ફોન અને ફેકસઃ ૨૬૬૮૦૪૫, ૨૬૬૬૦૯૭
ઈ–મેલઃ cottonist@nau.in વેબ સાઈટઃ www.nau.in

યુનિવર્સિટી પ્રકાશન નં.૯૨/૨૦૧૫–૧૬ વર્ષ : ૨૦૧૬
Funded under NFSM on Commercial Crops

**સામાન્ય માહિતી :**

ગુજરાત કપાસ સંકર-૧૨ (બીજી-૨) એ ગુજરાત કપાસ-૧૬ (બીજી-૨) x ૭૬-આઇ.એચ.-૨૦ના સંકરણથી વિકસાવેલ છે અને સમગ્ર ગુજરાત રાજ્યમાં વાવેતર માટે વર્ષ ૨૦૧૫ માં ઇ.બી.એ.એમ. દ્વારા માન્યતા મળેલ છે. આ સંકર પ્રચલિત ગુજરાત કપાસ સંકર-૧૨નુ બીટી રૂપાંતરણ છે. આ સંકરે ગુજરાત કપાસ સંકર-૧૨ (નોન બીટી), ગુજરાત કપાસ સંકર-૬ (બીજી-૨), ગુજરાત કપાસ સંકર-૮ (બીજી-૨), ગુજરાત કપાસ સંકર-૬ (નોન બીટી) અને આર.સી.એચ.-૨ની સરખામણીમાં પિયત વિસ્તારમાં અનુક્રમે ૬૫.૨, ૨.૫, ૪.૮, ૩૦.૭, ૧૩.૫ ટકા તેમજ બિન પિયત વિસ્તારમા અનુક્રમે ૧૮.૧, ૧૦.૩, ૧૪.૬, ૨૫.૦ અને ૬.૦ ટકા વધુ ઉત્પાદન આપેલ છે. ગુજરાત કપાસ સંકર-૧૨ (બીજી-૨) ની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ નીચે પ્રમાણે છે.

**જમીનની પસંદગી :**

કપાસના પાકને સારા નિતારવાળી, મધ્યમ કાળી, ગોરાડું તથા સાધારણ રેતાળ જમીન વધુ અનુકુળ આવે છે. ગુજરાત રાજ્યના ડાંગ અને વલસાડ જિલ્લા બાદ કરતા મોટા ભાગના જીલ્લામા કપાસનુ વાવેતર થાય છે.

**જમીનની તૈયારી :**

હળથી ઊંડી ખેડ કરી જમીનને ઉનાળામાં તપવા દેવી જોઈએ, જેથી અગાઉના પાકના જડીયા, ઘાસ વગેરે સુર્યના તાપથી સુકાઈ જશે અને પાકના અવશેષો સાથે રહેલ રોગ અને જીવાત માટેના સ્ત્રોતો સૂર્યની ગરમીની કારણે નાશ પામશે. બે થી ત્રણ વર્ષના ગાળે ટ્રેક્ટર દ્વારા જમીનમાં ઊંડી ખેડ કરવાથી કાયમી, હઠીલા નિંદામણનો ઉપદ્રવ ઓછો થશે, રોગ જીવાત પણ નિયંત્રણમાં રહેશે. આ ઉપરાંત, વરસાદના પાણીનો નિકાલ તેમજ ભેજનો સંગ્રહ કરવાની જમીનની ક્ષમતામાં પણ વધારો થશે.

જે વિસ્તારમાં વરસાદનું પ્રમાણ વધુ હોય અને પાણીના નિકાલના પ્રશ્ન હોય તેવી જમીનમાં પાળી પર કપાસના બીજની વાવણી કરવાથી ઉગાવો સારો મળે છે અને એકમ વિસ્તારમાં છોડની સંખ્યા જળવાઇ રહે છે.

જમીનની તૈયારી વખતે જ સારૂ કોહવાયેલુ છાંણીયુ ખાતર કે કમ્પોસ્ટ ૧૦ ટન/હેક્ટર મુજબ જમીનમાં ભેળવવું અથવા શક્ય હોય તો શણ કે ઇંકડનો લીલો પડવાશ કરવો અને પ્રાથમિક ખેડ સમયે તેને જમીનમાં દબાવી દેવો.

**બિયારણ :**

સરકારશ્રી દ્વારા માન્ય કરેલ એજન્સી પાસેથી માન્ય થયેલ બીયારણની ખરીદી કરવાનો આગ્રહ રાખવો. બીયારણ અગાઉથી મેળવી લેવુ ખેડુતોના હિતમા છે.

**બીજ માવજત :**

કપાસનાં બીજનો ઉગાવો સારો થાય અને શરુઆતથી જ ચુસિયા પ્રકારની જીવાતોથી છોડને રક્ષણ મળી રહે તે માટે કપાસનાં બીજને વાવતાં પહેલાં એક કીલોગ્રામ બીજ દીઠ ઇમીડાક્લોપ્રિડ ૧૦ ગ્રામ અથવા કાર્બોસલ્ફાન ૧૦ ગ્રામ અથવા એસિટામિપ્રિડ ૨૦ ગ્રામ અથવા થાઇમીથોક્ઝામ ૨.૮ ગ્રામ પ્રમાણે પટ આપી વાવણી કરવી જોઇએ, જેથી કપાસના પાકમાં શરૂઆતના ૪૫ દિવસ સુધી ચુસિયા પ્રકારની જીવાતો સામે રક્ષણ મળી શકે છે. જો બિયારણને પહેલેથી જ માવજત આપેલ હોય તો તેને માવજત આપવાની જરુર નથી.

આ ઉપરાંત કપાસના પાકમા રાસાયણિક ખાતરનો બચાવ થઈ શકે તેમજ જમીનની તંદુરસ્તી જળવાય તે માટે બીજને એઝેટોબેક્ટર તથા ફોસ્ફેટ કલ્ચરનો પટ આપીને વાવેતર કરવાથી ખેતી ખર્ચમાં ઘટાડો થાય છે.

**વાવણીનો સમય :**

કપાસ પાકનાં વાવેતર માટે વાવણીનો સમય ખુબ જ અગત્યનો છે. કપાસની વાવણી સમયના આધારે બે રીતે થઇ શકે છે.

**(૧) કપાસનુ આગોતરુ વાવેતર :**

પિયતની સગવડવાળા વિસ્તારમાં મે મહિનાના બીજા પખવાડીયા થી જુન મહિનાના પ્રથમ પખવાડીયા સુધીમાં વાવેતર કરી શકાય તેને કપાસનુ આગોતરુ વાવેતર કહેવાય છે.

- કપાસનું આગોતરૂ વાવેતર કરવાથી એકમ વિસ્તારમાં કપાસ બાદ બીજા પાક તરીકે ઘઉં, રાયડો તેમજ અન્ય શિયાળુ પાકો લઈ શકાય છે.
- ચોમાસાની શરૂઆત પહેલા જ છોડનો સારો વિકાસ થવાથી ઉત્પાદનમાં ફાયદો થાય છે.
- આગોતરા વાવેતરવાળા કપાસનાં પાક્માં રોગ અને જીવાતનુ પ્રમાણ પણ ઓછુ રહેવાથી ઉત્પાદન ખર્ચ ઓછો થાય છે. જેથી નફો વધુ મળે છે.
- આગોતરા વાવેતરવાળા કપાસના છોડથી જમીન વહેલી ઢંકાય જતી હોવાથી ચોમાસામાં નિંદામણનું પ્રમાણ ઓછુ રહે છે અને ખેતી ખર્ચ ઓછો આવે છે.
- છોડનો વિકાસ સારો થવાથી પાકમાં ફૂલ-ભમરી અને જીંડવા બેસવાનુ પ્રમાણ પણ વધારે રહે છે.
- કપાસની પ્રથમ વીણી વહેલી થવાથી બજારભાવ પણ સારા મળવાની શક્યતા રહે છે

**(૨) કપાસનું સમયસર વાવેતર :**

પિયત/બિનપિયત બંને વિસ્તાર માં જુન માસના અંતમા અથવા જુલાઇ માસની શરુઆતમાં વાવણીલાયક વરસાદ થયા બાદ કપાસનું વાવેતર કરવામાં આવે તેને કપાસનું સામાન્ય વાવેતર કહેવામાં આવે છે. વધુ ઉત્પાદન લેવા કપાસનું વાવેતર સમયસર કરી દેવું ખુબ જરૂરી છે.

**વાવણીની રીત :**

બીટી કપાસની જાતોના બિયારણની કિંમત વધારે હોવાથી બીજને યોગ્ય અંતરે થાણીને વાવેતર કરવાથી બિયારણનો ખર્ચ ઘટાડી શકાય છે.

જમીનમાંના ભેજની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખી ૪-૬ સેમી ઊંડાઈએ કપાસના બીજની વાવણી કરવાથી ઉગાવો સારો થાય છે અને ધામાનું પ્રમાણ ઓછું રહેવાથી એકમ વિસ્તારમાં છોડની પૂરતી સંખ્યા જળવાય રહે છે.

**બીજનું પ્રમાણ :**

બીટી કપાસના બીજની વાવણી કાળજી પૂર્વક કરવામાં આવે તો એક હેક્ટરની વાવણી માટે ફક્ત ૧.૨૫૦ થી ૧.૫૦૦ કીલો બીજ પૂરતુ થઈ રહે છે.

**વાવણીનું અંતર :**

કપાસના ઉત્પાદનમાં વાવેતર અંતર (બે છોડ અને બે હાર વચ્ચે) ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. જમીનનો પ્રકાર, જમીનની ફળદ્રુપતા, વાતાવરણની પરિસ્થિતી અને પસંદ કરેલ જાતની વાનસ્પતિક વૃધ્ધિ વગેરેને ધ્યાનમાં રાખી બીટી કપાસની વાવણી થઇ શકે છે. તેમ છતાં બે હાર વચ્ચે ૧૨૦ સેમી અને બે છોડ વચ્ચે ૪૫ સેમીના અંતરે વાવણી કરવાથી સારૂ ઉત્પાદન મેળવી શકાય છે.

બીટી કપાસની ફરતે ૨૦% અથવા પાંચ લાઈનો બે માંથી જે વધુ હોય તે પ્રમાણે જે તે જાતોની નોન બીટીનું અથવા સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ નક્કી કરેલા અન્ય પાકનું પણ રેફ્યુજી ક્રોપ તરીકે વાવેતર કરવું જરૂરી છે. આ લાઈનો સંરક્ષણ પટ્ટી તરીકેનું કામ કરે છે. જેથી જીવાતોમાં બી.ટી. કપાસ સામે પ્રતિકારક્તા આવવાની શકયતા ઓછી રહે છે.

**ખાતર વ્યવસ્થા :**

કપાસના પાકને સેન્દ્રિય ખાતર ઉપરાંત રાસાયણિક ખાતરની જરૂરીયાત પણ વધારે રહે છે. આથી ૨૪૦-૪૦-૦૦ ના-ફો-પો. કીલો/હે મુજબ રાસાયણીક ખાતર આપવું. નાઈટ્રોજનનો કુલ જથ્થો વાવણી પછી ૩૦, ૬૦, ૭૫, ૯૦ અને ૧૦૫ દિવસે સરખા હપ્તામાં આપવો. ફોસફરસનો પૂરેપૂરો જથ્થો પાયાના ખાતર તરીકે વાવણી સમયે આપી દેવો.

ઉપરાંત, ફુલ ભમરી અવસ્થાએ, જીંડવા બેસવાની શરૂઆત થાય ત્યારે અને ત્યાર પછી ૧૫ થી ૨૦ દિવસે છોડ પર ૩ % પોટેશીયમ નાઈટ્રેટનો છંટકાવ કરવો જરૂરી છે.

**સંતુલિત પોષણ વ્યવસ્થા :**

કપાસના પાકમાં સંતુલિત પોષણ વ્યવસ્થા માટે હેક્ટરે ૧૦ ટન છાણિયા ખાતર ઉપરાંત ૫૦% નાઇટ્રોજન રાસાયણિક ખાતરના સ્વરુપમાં અને ૨૫% નાઇટ્રોજન દિવેલીના ખોળમાંથી આપવાથી કપાસનું ઉત્પાદન સારૂ મળે છે અને જમીનની ફળદ્રુપતા લાંબા સમય સુધી જાળવી શકાય છે. જૈવિક ખાતરોનો ઉપયોગ રાસાયણિક ખાતરનો ખર્ચ ઘટાડે છે અને જમીનની તંદુરસ્તી જાળવી પર્યાવરણનુ પ્રદુષણ પણ ઘટાડે છે.

**પાળા ચઢાવવા :**

કપાસનો પાક લાંબા ગાળાનો હોય અને છોડનો વિકાસ વધુ હોવાથી વાવાઝોડા તથા પવન સામે રક્ષણ મળી રહે અને છોડ ઢળી ન પડે તે માટે વાવણીના ૪૦ દિવસે વરાપની પરિસ્થિતિ પ્રમાણે આંતરખેડ કર્યા બાદ પાળા ચઢાવવા જરૂરી છે. વરસાદ વધુ પડે તેવા વિસ્તારમા પાળા ચઢાવવાથી ખેતરમાં થતા પાણીના ભરાવાથી થતાં નુકસાનથી પાક્ને બચાવી શકાય છે અને પાટલામાંથી નિતાર દ્વારા વધારાનું પાણી ખેતરની બહાર કાઢી શકાય છે.

**નિંદણ નિયંત્રણ વ્યવસ્થા :**

કપાસનુ વધુ ઉત્પાદન મેળવવા માટે પાકની શરૂઆતની વૃધ્ધિના ૬૦ થી ૭૦ દિવસ સુધી પાકને નિંદામણથી મુક્ત રાખવો ખુબ જ જરૂરી છે, કારણ કે શરૂઆતની અવસ્થામાં પાકમાં નિંદામણનો ઉપદ્રવ હોય તો પાક સાથે નિંદામણ પણ જમીનમાંથી ભેજ, પોષક તત્વો અને પાકના વિકાસ માટે જરૂરી જગ્યા અને સૂર્યપ્રકાશની હરીફાઈ કરી પાકના વિકાસને અવરોધે છે. જેથી કપાસના શરૂઆતના વિકાસ પર માઠી અસર થાય છે અને સરવાળે ઓછુ ઉત્પાદન મળે છે. આ માટે કપાસના પાકમાં થતા નિંદામણને આંતરખેડ દ્વારા અને હારમા પાળી પર રહેલ નિંદામણને મજુરો દ્વારા નિંદામણ કરી દૂર કરવું જોઈએ. નિંદણ નિયંત્રણ માટે પાક ઉગ્યા પહેલા પેંડીમીથાલિન ૩૦ ઇસી દવા ૩ લી./ હેક્ટરને ૬૦૦ લી. પાણીમા